# <u>રેગ્યુલર દિવાની મુકદમા નં. ૫૫/૨૦૧૩</u>
# <u>આંક ૧ લગત હુકમ</u>

સદર કામનુ રેકર્ડ ધ્યાને લેતાં સદર દાવો સને ૨૦૧૩ ની સાલનો એટલે કે, આશરે સાતેક વર્ષ જુનો દાવો તેમજ સદર કામનુ રેકર્ડ તથા રોજકામ તપાસતા સદર દાવાના કામે તા.૦૭/૦૩/૨૦૧૮ ના રોજ આંક – ૪૦ થી મુદ્દા કાઢવામાં આવેલ હોવાનુ જણાઈ આવે છે અને ત્યારથી સદર કામ વાદીના પૂરાવા પર હોવાનુ જણાઈ આવે છે. તેમજ ત્યારબાદ વાદી તર્ફે વાદી નંબર –૧/૧ આદીલ ગોદરેજ ઈલાવીયા નાઓની આંક – ૬૬ થી સરતપાસ રજુ થયેલ હોવાનુ, પરંતુ ત્યારબાદ ઘણી મુદ્દતો સુધી સદર વાદીની ઉલટ તપાસ માટે પ્રતિવાદીના વકીલશ્રી હાજર રહેલ હોવા છતાં સદર વાદી તેઓની ઉ.ત. માટે અત્રેની કોર્ટમાં હાજર રહેલ હોય તેવુ જણાઈ આવતુ નથી અને તેના કારણે પ્રતિવાદી તર્ફે આંક – ૭૧ થી સદર વાદીની જુબાની ડીસ્ટાર્ડ કરવા અરજી આપતા સદર અરજી પર હુકમ કરી સદર વાદીની આંક – ૬૬ થી રજુ થયેલ સરતપાસ ડીસ્કાર્ડ કરવાનો હુકમ સદર આંક– ૭૧ ની અરજી પર થયેલ હોવાનુ જણાઈ આવે છે અને ત્યારબાદ પણ વાદી તર્ફે પુરતી તકો આપવા છતાં પૂરાવો રજુ કરવામાં આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી અને તેના કારણે પ્રતિવાદી તર્ફે આંક – ૭૩ થી વાદીનો દાવો રદ કરવાની અરજી આપેલ હોવાનુ રેકર્ડ જોતાં જણાઈ આવે છે અને તે અરજી સુનાવણી ઉપર રાખેલ હોવાનુ જણાઈ આવે છે અને તેમ છતાં પણ આજરોજ વાદી કે તેઓના વકીલશ્રી સદર આંક – ૭૩ ની અરજીની સુનાવણી કરવા માટે કે વાદી તર્ફે પૂરાવો રજુ કરવા માટે કે, વાદી તર્ફે પૂરવો નહિ રજુ કરવા બાબતે તથા સદર આંક – ૭૩ ની અરજીની સુનાવણી નહિ કરવા બાબતે કોઈ રીપોર્ટ રજુઆત કરવા વાદી અને તેઓના વકીલશ્રીની અવાર–નવાર પોકાર કરવા છતાં તથા સાંજના ૪ વાગ્યા સુધી રાહ જોતા છતાં અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં સદર

કામ છેલ્લા ઘણાં સમયથી વાદીના પૂરાવા ઉપર ચાલ્યુ આવતુ હોવા છતાં અને વાદી તર્ફે ઘણાં સમય બાદ સરતપાસનુ સોગંદનામુ રજુ કર્યા છતાં અને સદર વાદી સાહેદ ઉલટતપાસ માટે અવાર–નવાર પ્રતિવાદીના વકીલશ્રી અત્રેની કોર્ટમાં હાજર રહેલ હોવા છતાં સદર કામે વાદીને પૂરતી તકક મળેલ હોવા છતાં વાદી અત્રેની કોર્ટમાં હાજર નહિ રહેતા સદર વાદીની સરતપાસ ડીસ્કાર્ડ કરેલ હોવા છતાં ત્યારબાદ સદર દાવાના કામે પૂરાવો રજુ કરવા અને સદર કામની કાર્યવાહી આગળ ધપાવવા વાદીને પૂરતી તકક મળેલ હોવા છતા વાદી સદર કામે પૂરાવો રજુ કરવા છતાં સદર કામની કાર્યવાહી આગળ ધપાવવા હાજર રહેલ નથી તેમજ તેઓ તર્ફે તે બાબતે કોઈ યોગ્ય રીપોર્ટ રજુઆત પણ થયેલ નથી તે હકીકતો ધ્યાને લેતાં વાદીને સદર દાવો ચલાવવામાં તથા તેની કાર્યવાહી આગળ ધપાવવામાં કોઈ રસ નથી તેવુ જણાઈ આવતુ હોય અને સદર દાવો આશરે પાંચ વર્ષ ઉપરાંતનો જૂનો દાવો હોય અને નામદાર ગુજરાત હાઈકોર્ટે તથા નામદાર સુપ્રિમ કોર્ટે હાલમાં આવા પાંચથી દસ વર્ષ જૂના દાવાનો ઝડપથી નિકાલ કરવા અંગેના સૂચનો જાહેર કરેલ હોય ત્યારે જયારે વાદીને જ સદર દાવો આગળ ચલાવવામાં રસ હોય નહિ તેવુ જણાઈ આવતુ નથી ત્યારે વાદીનો દાવો વાદીની નિરસતા જોતાં રેકર્ડ પર ચાલુ રાખી સમયનો વ્યય કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતુ નથી જેથી વાદીનો સદર દાવો વાદીની સતત ગેરહાજરી અને નિરસતાને કારણે સી.પી.સી. ૦૯, રૂલ – ૩ સાથે વાંચતા સી.પી.સી. ઓર્ડર–૧૭, રૂલ – ૩ (બી) મુજબ ડીસ્મીસ ફોર ડીફોલ્ટ કરી કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૦૬/૦૧/૨૦૨૧.
હાંસોટ.

(સંદિપકુમાર જગદીશભાઈ ઠકકર)
પ્રિન્સીપાલ સિવીલ જજ,
હાંસોટ.
UIC No.GJ01277